# સાત દિવસમાં ખેડૂતોના પ્રશ્નો નહિ ઉકેલાય તો વડોદરા-વારાણસીમાં વિરોધ પ્રદર્શન કરાશે

ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ખેડૂતોના પડતર પ્રશ્નોના સત્વરે નિકાલ માટે માંગ કરવામાં આવી છે. ખેડૂત હિતરક્ષક મંડળ દ્વારા જો ખેડૂતોની માંગણીઓ સાત દિવસમાં પૂરી નહીં કરવામાં આવે તો મુખ્યમંત્રીએ જયાંથી ઉમેદવારી નોંધાવી છે તેવા વડોદરા અને વારાણસી મત વિસ્તારમાં જઈને ખેડૂત પ્રતિનિધિઓ બેનરો દ્વારા વિરોધ પ્રદર્શિત કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ખેડૂત હિતરક્ષક મંડળ દ્વારા છેલ્લા બે વર્ષ દરમિયાન વારંવાર ગુજરાત સરકાર સમક્ષ મૌખિક તેમજ લેખિતમાં પણ ઉત્તર ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હોવા છતાં ખેડૂતોને પાણી અને ખેતી વપરાશ માટેની વિજળીના નાના મોટા અનેક પ્રશ્નોમાં અન્યાય થઈ રહ્યો છે. ઉત્તર ગુજરાત નરેન્દ્ર મોદીનું વતન હોવા છતાં જો અહીંના ખેડૂતોના પ્રશ્નો હલ ના થતા હોય તો રાજયના બાકીના ખેડૂતોના શા હાલ થતા હશે અને ભવિષ્યમાં દેશના કિસાનોના પણ શા હાલ થશે તે અંગે વિચારવું રહ્યું.

ખેડૂત હિતરક્ષક મંડળ દ્વારા અમદાવાદમાં ૨૬મી માર્ચે વિવિધ સંગઠનો સાથે મીટીંગ કરવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે ખેડૂતોના પડતર પ્રશ્નો જેવા કે કૃષિ મીટર પ્રથા સંપૂર્ણ નાબુદ કરવી અને પ્રતિ હોર્સ પાવર હેકટર દીઠ રૂપિયા ૪૦૦નો સમાન વિજદર લાગુ કરવો, સુજલામ્ સુફલામ્ રિચાર્જ કેનાલને પાણીથી ભરેલી રાખવી અને ૨૦૦૯નો 'સર'નો કાયદો તેમજ ૨૦૧૩નું પાણી વિધેયક સંપૂર્ણ નાબૂદ કરવું જેવા નાના મોટા પ્રશ્નો વિષે સરકારને સાત દિવસની મહેતલ આપવામાં આવી છે. જો આ સાત દિવસ દરમિયાન ખેડૂતોના આ પ્રશ્નો પ્રત્યે રાજયના સરકાર યોગ્ય કાર્યવાહી નહીં કરે તો નરેન્દ્ર મોદીના લોકસભા ચૂંટણીના મતક્ષેત્રો વડોદરા અને વારાણસી ખાતે ખેડૂતોના પ્રતિનિધિઓ બેનરો સાથે દેખાવો કરીને વિરોધ પ્રદર્શિત કરશે.

**કૃષિ મીટર પ્રથા દૂર કરી સમાન વિજ દર કરવા અને 'સર'નો કાયદો તેમજ પાણી વિધેયક નાબૂદ કરવા માંગ : સુજલામ્ સુફલામ્ પાણીથી ભરેલી રાખવા પણ રજૂઆત**

## હોમગાર્ડ જવાન ૧૬ વર્ષની કિશોરીને ભગાડી ગયો

### સે-૭ પોલીસે ગુનો નોંધી કિશોરીની શોધખોળ હાથ ધરી છે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૭માં રહેતી અને ધોરણ-૧૧માં ભણતી ૧૧ વર્ષીય કિશોરીને રૂપાલ ગામનો હોમગાર્ડ જવાન તરીકે નોકરી કરતો એક શખ્સ પ્રેમમાં ફસાવી ભગાડી ગયો હતો. આ મામલે કિશોરીના પિતાએ સે-૭માં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સે-૭માં રહેતી અને ધોરણ-૧૧માં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય કિશોરી દરરોજ ટયુશન માટે સેકટર-૧૬માં જતી હતી દરમિયાન ઘણા સમય પહેલા ગાંધીનગર નજીક રૂપાલ ગામનો મૂળ વતની અને હોમગાર્ડ જવાન તરીકે નોકરી કરતા સમીર રાઠોડે કિશોરીને પોતાની પ્રેમ જાળમાં ફસાવી હતી અને બહેલાવી ફોસલાવી આજે કિશોરીને ભગાડી ગયો છે. આ ઘટના અંગે કિશોરીના પિતાને જાણ થતા તેના પિતાએ સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કિશોરીને ભગાડી જનાર શખ્સ સમીર રાઠોડ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. ગડરીયા ચલાવી રહ્યા છે.

## પેથાપુરમાં એકમથી શરૂ થતી ચૈત્રી નવરાત્રી : રાસ-ગરબાની રમઝટ જામશે

ગાંધીનગર, તા. ૨૮

શહેર નજીકના પેથાપુર ખાતે ચૈત્રી નવરાત્રીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. તા. ૩૧ માર્ચ સોમવાર એકમથી નોમ સુધી નવરાત્રી નિમિત્તે અંબાજી માતાજીના ચોકમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો રાસ-ગરબાની રમઝટ બોલાવશે.

દર વર્ષે પેથાપુર અંબાજી ચોકમાં ચૈત્રી નવરાત્રીની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે. પેથાપુર નગરમાં એકમથી નોમ સુધી માતાજીની આરાધના કરવામાં આવે છે. રાત્રીના સમયે ખ્યાતનામ કલાકારો દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવે છે. તેમ એસ.ટી. બસ એસોસિએશનના મંત્રી અને પેથાપુરના અગ્રણી નટુભાઈ દરજીએ જણાવ્યું છે.

તેમજ નવરાત્રી દરમિયાન તા. ૪ એપ્રિલ પાંચમના રોજ અંબાજી માતાના ચોકમાં બપોરે ૨.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો યોજવામાં આવશે. બંને કાર્યક્રમોમાં ભાવિ ભક્તોને લાભ લેવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# નબળા વિજ થાંભલા તુટી પડવાથી ખેતરમાં ઘઉંનો મોલ ભડભડ સળગ્યો

**એક સપ્તાહમાં જ થાંભલા તુટી પડવાની સતત ત્રીજી ઘટના : પસાર થઈ રહેલી સ્કૂલવાન સ્હેજ માટે બચી જતા નાના ભૂલકાંઓનો આબાદ બચાવ : મોટી જાનહાની અને ખેતીનું નુકસાન ટાળવા વિજ સત્તાવાળાઓ સત્વરે થાંભલાઓનું સર્વેક્ષણ કરે તે માટે માંગ**

ચિલોડા, તા.૨૮

ચિલોડા હિંમતનગર હાઈવે પર આવેલા ચંદ્રાલા ગામની સીમમાં



અચાનક ફુંકાતા પવનના કારણે વીજ થાંભલાઓ તુટી પડયા હતા. જીવંત વાયરના કારણે કાપણી કરેલા ઘઉંનો પાક બળીને ભસ્મીભૂત થતા ખેડૂતોને ભારે નુકશાની ભોગવવી પડી છે. ઉપરાંત એક સ્કૂલવાન પણ તેનો ભોગ બનતા બચી જવા પામી હતી.

બિસ્માર થઈ ગયેલા વીજ થાંભલાના કારણે એક સપ્તાહમાં આ સતત ત્રીજી ઘટના બનવા પામી છે. જેમાં અગાઉ સાબરકાંઠાના અનવરપુરા અને હિંમતનગર ખાતે પણ વીજ થાભલા તૂટી પડવાને કારણે ઘઉંનો તૈયાર થયેલો પાક સળગી જતાં ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવાની જવાની ઘટના બની છે. ત્યારે વીજ કંપની આવા જીવલેણ થાંભલાઓનો સર્વે કરી રીપેરીંગ કરે તવી લોક માંગ ઉઠવા પામી છે.

મળતી માહિતી મુજબ ચંદ્રાલા ગામની સીમમાં રામાભાઈ નાથાભાઈ વાણિયા અને આત્મારામ વિરાભાઈ વાણિયાના ખેતરમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું છે. પાકી ગયેલો ઘઉંના પાકની કાપણીનું કામ ચાલી રહ્યું છે ત્યારે ખેતરમાંથી પસાર થતા ઈલેકટ્રીક વીજ થાંભલાઓ પવનની ઝપટમાં આવતા ખેતરમાં તૂટી પડયા હતા.

જીવંત વીજ વાયરો તૂટી પડવાના કારણે તૈયાર થયેલ અને સુકાઈ ગયેલા ઘઉંના પાક પર પડતા અચાનક આગ ભભૂકી ઉઠવા પામી હતી. આગની જવાળાઓ ઉપર જતા



(તસવીર : નટુભાઈ પટેલ)

આજુબાજુના ખેડૂતો આગ લાગતા ખેતર તરફ દોડવા લાગ્યા હતા અને આગ બૂઝાવવા માટે જહેમત ઉઠાવવા લાગ્યા હતા.

આગ લાગતા રામાભાઈ વાણિયા અને બાજુમાં આવેલા અશોક પટેલને રૂપિયા ૨૫-૨૫ હજાર જેટલું નુકશાન થવા પામ્યું છે.

તેમજ આગના થોડાક સમય પહેલા જ અહીંથી બાળકો ભરેલી સ્કુલવાન પસાર થઈ હતી જે સદનસીબે બચી જવા પામી હતી જો વીજ થાંભલાઓ સ્કુલ વાન પર પડયા હોત તો અણધાર્યું પરીણામ આવ્યું હોત. આ ઘટનાથી હતપ્રભ થઈ ગયેલા ખેડૂતોએ વીજ કંપની સામે ચિલોડા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ એ.એસ.આઈ. હિરાજી ખાંટ ચલાવી રહ્યા છે.

## સે. ૬ ખાતે ગુડી પડવોના દિવસથી નિઃશુલ્ક લીમડાના રસનું વિતરણ થશે

### છેલ્લા વીસ વર્ષથી લીમડાનો રસ પીવડાવતા અનિલ જોષી

ગાંધીનગર, તા. ૨૮

ચૈત્ર માસમાં લીમડાના ફુલપાનનો રસ પિવડાવી ધન્યતા અનુભવતા અનિલભાઈ જોષી અને પરિવાર દ્વારા તા. ૩૧ માર્ચથી શરૂ થતા ચૈત્ર મહિનામાં નગરજનોને નિઃશુલ્ક રસ પિવડાવશે.

ગાંધીનગર ખાતે વસતા અનિલભાઈ જોષી છેલ્લા વીસ વર્ષથી નગરજનો નિરોગી રહે તે માટે મફત લીમડાના ફુલનો રસ પિવડાવતા આવ્યા છે ત્યારે ગુડીપડવો સોમવારથી જોષી પરિવાર દ્વારા સવારે ૭ થી ૯ કલાક સુધી પ્લોટ નં. ૧૫૦/૨ સેકટર-૬-બી, ચંદ્રમૌલેશ્વર મંદિર પાસે નિઃશુલ્ક વિતરણ શરૂ કરશે.

તેમણે જણાવ્યુ હતુ કે ચૈત્ર માસમાં લીમડાના ફૂલ પાનનો રસ પીવાથી આખુ વર્ષ નિરોગી રહેવાય તેમજ મેલેરિયા, ચીકનગુનિયા, સુર્યતાપથી લૂ લાગવી, ચામડીના રોગ જેવા રોગો સામે રક્ષણ મળે છે. અને લોહી શુદ્ધીકરણ થાય છે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે મહિલાઓ, પુરુષો અને બાળકોએ ખાસ રસપાન કરવુ જોઈએ.

રસપાન કરવા આવતા નગરજનો લીમડાનો રસ ઘરે પણ લઈ જઈ શકશે. તે માટે નગરજનોને અપીલ કરવામાં આવી છે કે રસ લઈ જવા માટે ખાસ સ્ટીલનું વાસણ લાવવુ અનિવાર્ય છે.

## આજે ગાંધીનગરમાં ભટ્ટ મેવાડા સમાજ દ્વારા એકલિંગજી દાદાનો મહોત્સવ ઉજવશે

### પંચદેવ મંદિર સે-૨૨ ખાતે યોજાશે


ગાંધીનગર, તા.૨૮

ઉદેપુર રાજસ્થાનના મહારાજા એકલિંગજી દાદાનો મહોત્સવ આજ રોજ શનિવાર પંચદેવ મંદિર સેકટર-૨૨ ખાતે ઉજવવામાં આવશે.

સમગ્ર ગુજરાત, રાજસ્થાનના ભટ્ટ મેવાડા, ત્રવેદી મેવાડા, એકલિંગજી દાદાનો પ્રાગટય દિવસ ફાગણ વદ-૧૪ના રોજ સમૂહ પૂજા અર્ચના કરી આશીર્વાદ મેળવે છે ત્યારે દાદાના પાટોત્સવ નિમિત્તે મુંબઈ ખાતે ભવ્ય પાટોત્સવ ઉજવાય છે.

ગુજરાતમાં સાબરકાંઠાના ઈડર, ભિલોડા, જાદર, રાયગઢ, હિંમતનગર, પાલ્લા, મોડાસા, મેઘરજ, મહેસાણા, કુકરવાડા, વિજાપુર ખાતે પણ આ દિવસે પૂજા અર્ચના કરી દાદાનો વરઘોડો નિકાળવામાં આવે છે.

આજ રોજ યોજાનારા પાટોત્સવમાં શહેરમાં વસતા ભટ્ટ, મેવાડા અને ત્રિવેદી મેવાડા સમાજના જ્ઞાતિબંધુઓને દાદાના પાટોત્સવમાં ઉપસ્થિત રહેવા અમૃતલાલ ઉપાધ્યાય, બિપિનચંદ્ર જોષી, અશોક મહેતા સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એસ.જી. ઈંગ્લીશ મીડીયીમ સ્કુલ સેકટર-૨૩ ખાતે તારીખ ૨૭ માર્ચથી ધોરણ ૧ થી ૫ અને તારીખ ૨૮ માર્ચથી ધોરણ ૬ થી ૮માં વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાઓ શરુ થઈ ગઈ છે.

## માણસા તાલુકા પેન્શનર્સ એસોસિએશન રજત જયંતિ મહોત્સવ મનાવશે

ગાંધીનગર, તા.૨૮

માણસા તાલુકા પેન્શનર્સ એસોસિએશન દ્વારા રજત જયંતિ મહોત્સવ તા. ૬ એપ્રિલ રવિવાર સવારે ૮.૩૦ કલાકે ૪૮ ગામ કડવા પાટીદાર સમાજવાડી માણસા ખાતે યોજવામાં આવશે.

માણસા તાલુકા પેન્શનર એસોસિએશનને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતિ મહોત્સવ યોજવામાં આવશે. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે યોગેશ પટેલ, મુખ્ય મહેમાન તરીકે મહંત દેવપ્રસાદજી મહારાજ વેદાંત આચાર્ય, ડૉ. રામુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. રજત જયંતિ કાર્યક્રમમાં અસોસિએશનના પ્રમુખની વરણી કરવામાં આવશે ત્યારબાદ પેન્શનર્સના સ્વર્ગસ્થ ભાઈઓ અને બહેનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. કાર્યક્રમમાં સિનિયર પેન્શનરનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે.

## સિંધી પચાયત 'ચેટીચાંદ' મનાવશે

ગાંધીનગર, તા.૨૮

સિંધી પંચાયત ગાંધીનગર દ્વારા સેકટર-૩૦ ખાતે આવેલ ઝુલેલાલ મંદિરમાં તા. ૧ એપ્રિલના રોજ ચેટી ચાંદની ઉજવણી કરવામાં આવશે.

ચેટી ચાંદ નિમિત્તે સિંધી પંચાયત મંદિર ખાતે સવારે ૧૧.૦૦ કલાકે ભગવાન ઝુલેલાલ (વરુણદેવ)ના બહેરામણા સાહેબની જયોત પ્રગટાવાશે અને બપોરે ૧.૦૦ કલાકે મંદિરમાં ઝુલેલા ભગવાનના ગુણગાન અને પંજડા ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવશે. કાર્યક્રમમાં સિંધી જ્ઞાતિજનો સહિત નગરજનોને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સાધના આશ્રમ સંસ્થા દ્વારા સરઢવ ખાતે ચૈત્રી નવરાત્રી અનુષ્ઠાન

### દુર્ગાષ્ટમી અને રામનવમી પણ મનાવાશે

ગાંધીનગર, તા.૨૯

સાધના આશ્રમ સંસ્થાન પરિવાર દ્વારા શ્રી ચૈત્રી નવરાત્રી અનુષ્ઠાન બળિયાદેવ અને શિતળા માતા મંદિર સરઢવ ખાતે કરવામાં આવશે. શકિત ઉપાસનાનું અનુષ્ઠાન દર બે નવરાત્રીએ કરવામાં આવે છે. જે અંતર્ગત જગદંબાને પ્રાર્થના સ્વરૂપે સવાલક્ષ આહુતિ આપવામાં આવે છે ત્યારે તા. ૩૧ માર્ચ સોમવાર રાત્રે ૮ થી ૯.૩૦ કલાકે યજ્ઞ કરવામાં આવશે.

તેમજ તા. ૭ એપ્રિલ સોમવારે દુર્ગાષ્ટમી પર્વ અને તા. ૮ એપ્રિલ મંગળવારના રોજ રામનવમી અને પૂર્ણાહુતિ યોજવામાં આવશે તેમજ સાધના આશ્રમ દ્વારા માસિક અમાસના દિવસે રાત્રે ચંડીપાઠ કરવામાં આવે છે. ચંડીપાઠમાં જે કોઈ પણ વ્યકિતએ યજ્ઞમાં બેસવું હોયતે બેસી શકે છે.

## સેકટર-૩-ડીમાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૯

મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો તા. ૩૦ માર્ચ રવિવાર બપોરે ૨.૩૦ થી ૫.૩૦ સુધી રામેશ્વર મંદિર સેકટર-૩-ડી ખાતે યોજવામાં આવશે ભાવિ ભકતોને લાભ લેવા જણાવાયુંછે.

## સે-૨૯ જલારામ મંદિરે દરિયાલાલ જયંતિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો

ગાંધીનગર, તા.૨૮

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા સેકટર-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે દરિયાલાલ દાદાની જન્મ જયંતિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમનું આયોજન તા. ૧ એપ્રિલ ચૈત્ર સુદ-બીજ મંગળવારે કરવામાં આવ્યું છે. જલારામ સેવા સમાજ દ્વારા જલારામ મંદિર ખાતે ધાર્મિક તહેવારોના દિવસે અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે ત્યારે ૧ એપ્રિલના રોજ દરિયાલાલ જયંતિ નિમિત્તે દાદાની નિશ્રામાં ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવશે. જલારામ મંદિર ખાતે સવારે ૮.૩૦ કલાકે દરિયાલાલ દાદાની મૂર્તિના દાતાના વરદ હસ્તે કરવામાં આવશે તેમજ ૧૦.૧૫ થી ૧૧.૫૦ સુધી હવન કરવામાં આવશે તો આ ધાર્મિક કાર્યક્રમમાં ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫
સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૩૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૧૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
યંગીસ્તાન : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૨ :
ઓ-તેરી : ૯.૫૫, ૩.૧૫, ૮.૩૫, ૧૦.૫૫
ક્વીન : ૧૨.૧૫, ૫.૩૫

: સ્ક્રીન-૩ :
રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૦, ૩.૧૦, ૮.૧૦, ૧૦.૫૦
ઓ-તેરી : ૧૨.૫૦, ૫.૫૦

: સ્ક્રીન-૪ :
ઢીશકીયાં: ૧૦.૫૫, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ઢીશકીયાં : ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ઓ- તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫
રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડીશ્કીયૂન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૩૦

: સ્ક્રીન-૨ :
યોન્ગીસતાન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
રાગીની એ.એમ.એસ. :૧.૧૫, ૭.૧૫

: સ્ક્રીન-૩ :
ઓ-તેરી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
યોન્ગીસતાન : ૧.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પડકાર :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક સંપન્નતા વધશે. દઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**વૃષભ** : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બની રહ્યા છે.રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

**સિંહ** : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

**કન્યા** : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. સામાજિક કાર્યોમાં આજે પ્રગતિ સાધી શકશો.

**તુલા** : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક** : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

**કુંભ** : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

**મીન** : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ. અમજીબા ભૂપતસિંહ ચાવડા (ઉ.વ.૮૦) મુ.પો. લીંબોદરા, તા. કલોલ, જિ. ગાંધીનગર.